## મોડાસામાં બુટલેગરો બેફામ બન્યા, મહીલા સાથે મારઝૂડ

### સર્વોદય નગર (ડુંગરી) અડ્ડા પર પતિને શોધવા જતા બુટલેગરો ઉશ્કેરાયા કર્યો હુમલો

મોડાસા શહેરમાં વિદેશી દારૂ, દેશી દારૂ, ગાંજો સહિતના કેફી દ્રવ્યો ના નશાનો કાળો કારોબાર ફૂલ્યો ફાલ્યો છે ત્યારે શહેરના સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં મોટા પ્રમાણમાં દેશી



દારૂ ની રેલમછેલ થતી હોવાની અને કેમિકલયુક્ત તાડી નો મોટા પ્રમાણમાં વેપલો થતો હોવાથી છૂટથી મળતા દેશી દારૂના ખપ્પરમાં અનેક પરિવારો હોમાઈ ગયા છે સર્વોદય નગર વિસ્તારમાં ૧૦ થી વધુ દેશી-વિદેશી દારૂના અડ્ડા પોલીસના નાક નીચે ધમધમી રહ્યા છે સર્વોદય નગરમાં રહેતી એક શ્રમિક મહિલાનો પતિ દારૂના રવાડે ચઢી મોડી રાત્રે ઘરે ન આવતા મહિલા દારૂના અડ્ડા પર પહોંચતા બુટલેગરો મહિલાને જોઈ ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડીઓ વડે તૂટી પડતા મહિલા જીવ બચાવી ભાગી છૂટી હતી મોડાસા ટાઉન પોલીસે બુટલેગરો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં દિવસ-રાત દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસ અને વિવિધ એજન્સી પ્રોહીબિશન ડ્રાઈવ અંતર્ગત સર્વોદય નગર વિસ્તારમાં ખાનાં પૂર્તિ કામગીરી કરતા બુટલેગરો બેફામ બન્યા છે સર્વોદય નગર વિસ્તારમાં ધમધમતા નશાનો કારોબાર પોલીસ માટે કમાઉ દીકરો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે બુટલેગરોને ખાખીનો ડર જ ન હોય તેમ કાયદો હાથમાં લેતા ગભરાતા નથી બુટલેગરોના ખોફથી સમગ્ર વિસ્તારમાં રહેતા લોકો પારેવાની માફક ફફડી રહ્યા છે માથાભારે બુટલેગરો સામે લોકો લાચારી અનુભવી રહ્યા છે ત્યારે લુખ્ખા બુટલેગરોને પોલીસ કાયદાનું ભાન કરાવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

સર્વોદય નગર વિસ્તારમાં રહેતી શ્રમીક મહિલાનો પતિ દારૂની લત ધરાવતો હોવાથી પરિવારજનો તોબા પોકારી ઉઠ્યા છે ગત રાત્રીએ મોડી રાત્રે પતિ ઘરે ન આવતા મહિલા તેના પતિને શોધતી શોધતી દારૂના અડ્ડા પર પહોંચી તેના પતિ અંગે બુટલેગરોને પુછાતા જ બુટલેગરો ઉશ્કેરાઈ ગયા હતા અને મહિલાને ઢોર માર મારતા મહીલા ફફડી ઉઠી હતી અને મહિલા ઘરે પરત આવી ગઈ હતી જો કે મહિલાએ બુટલેગરોને પાઠ ભણાવવા હિંમત કરી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવા તજવીજ હાથ ધરી છે.

## રોડમાં આચરેલા ભ્રષ્ટાચારની એસ.ઈ. સુધી ફરિયાદ

### જીતપુર-કાલિયાકુવા રોડ નિર્માણમાં વ્યાપક ગેરરીતી, સરકાર દ્વારા તપાસ થાય : કોન્ટ્રાક્ટર-અધિકારીની મિલી ભગતથી દિવાલના કામમાં પથ્થર ગોઠવ્યા : પુરેપુરી થીન્કનેશ વગર કામ આટોપવાનો પ્રયાસ

બાયડ, તા. ૧૬

અરવલ્લી જિલ્લા પંચાયત આર.એન્ડ.બી.ના ઉઘાડેછોગ ભ્રષ્ટાચારથી કોન્ટ્રાક્ટરોને ઘી કેળાં છે. માલપુર તાલુકાના જીતપુર-કાલિયાકુવા-સારંગપુર રોડ નિર્માણમાં ટેન્ડરની સરતોના ધજીયા ઉડાવી કોન્ટ્રાક્ટરો સ્લેબ ડ્રેનમાં નકામા સિમેન્ટ-પથરા ગોઠવી ખેલ પાડ્યો છે જ્યારે ડામર કામમાં થીન્કનેશ ન જાળવતાં જિલ્લાના ભ્રષ્ટ અધિકારીઓ-કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ વિભાગના એસ.ઈ.ને યોગ્ય પુરાવા સાથે પરીયાદ કરવામાં આવી છે.

મળેલી વિગતો અનુસાર પ્રધાનમંત્રી ગ્રામ સડક





યોજનામાં માલપુર તાલુકાના જીતપુર-કાલિયાકુવા-સારંગપુરનું અંદાજીત ૪ કરોડનું કામ મંજૂર થયું હતું. પરંતુ અધિકારી અને કોન્ટ્રાક્ટરે મીલી ભગત આચરી હલકી ગુણવત્તાવાળુ કામ કર્યાનો કોઈ જાગૃત નાગરીકે વિડીયો બનાવી સરકારમાં મોકલતા જિલ્લાના ભ્રષ્ટ અધિકારીઓ સામે વિજીલન્સ તપાસ શરૂ થઈ શકે છે. જે રીતે રોડની કામમાં ટેન્ડરની શરત પ્રમાણે પુરેપુરી થીંકનેશ જાળવી નથી. વાઈડીંગના કામમાં ગ્રેડેશનવાળુ મટીરીયલ્સ પાથર્યા વગર તારૂ-મારૂ સહીયારા જેવો ભ્રષ્ટ જુગલબંધીએ ખેલ કર્યો છે. જ્યારે સ્લેબ ડ્રેઈનમાં ગુણવત્તા જાળવણી અનિવાર્ય હોવા છતાં નકામો થઈ ગયેલો સીમેન્ટ, પથ્થર નાખી કામ કર્યાનુ સ્પષ્ટ જોવા મળ્યુ છતાં કોન્ટ્રાક્ટર સામે પગલાં ન ભરાતા અધિકારીની નિષ્ઠા સામે સવાલ ઉભા થયા છે.

## મેઘરજ કંટાળું હનુમાન મંદિરમાં ઘઉંના જવારા પ્રગટાવી વરસાદનો વર્તારો જોવાની પ્રથા

મેઘરજના પૌરાણીક મંદિર કંટાળું હનુમાન દાદાના મંદિરમાં દશેરા પર્વ ની ઉજવણી નિમિતે ગેડ ગામ ઠાકોર સાહેબ ઘનશ્યામસિંહ દ્વારા દર વર્ષે ઘઉ ના જવારા જીલવાની વિધિ કરવામાં આવે છે જેના દ્વારા આવતા વર્ષ નો વરસાદ નો વરતારો જોવા માં આવે છે.આજ રોજ આ વિધિ કરવામાં આવી હતી અને આવતું વર્ષ સારું જવાની દાદા એ આશીર્વાદ આપ્યા .આ વિધિ માં ગેડ ગામ વાંકા ટીમ્બા ઊંચા પાદર ગામ માંથી બીહોલા રાજપૂત સરદારો અને નવાગામ ના ભાવિક ભક્તો તથા આદિવાસી સમાજ માં થી મોટી સંખ્યા માં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને દાદા ની ભક્તિ કરી ધન્યતા અનુભવી હતી .



**મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે જેઠોલા હનુમાનજી મંદિરે આશીર્વાદ મેળવ્યા**

ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર એ શનિવારે જેઠોલા હનુમાનજી મંદિરે આવી આશીર્વાદ મેળવ્યા હતા. ગુજરાતની સરહદે આવેલા અત્યંત પૌરાણિક હનુમાન દાદા ના મંદિરનો ખુબ મહિમા રહેલો છે.રોજિંદા ગણા લોકો દાદા ના દર્શન કરી ધન્યતા ની અનુભૂતિ કરી રહ્યા છે. માનનીય મંત્રી ની આ મુલાકાત દરમિયાન જિલ્લા સંગઠન પ્રમુખ રાજુભાઈ પટેલ, સાબરકાંઠા બેક્ર એમ. ડી પંકજભાઈ પટેલ સહીત વિસ્તારના આગેવાનો હાજર રહ્યા હતા.મંત્રી બન્યા બાદ ગજેન્દ્રસિંહ પરમાર ની પ્રથમ મુલાકાતને આ વિસ્તારના લોકોએ આવકારી આભિનંદન પાઠવ્યા હતા.

## આગામી ગુરૂવારથી ઠંડી વધશે, ગરમ વસ્ત્રો પહેરવા પડશે

### જિલ્લામાં સવારે ફુલગુલાબી ઠંડીનો ચમકારો : ખેડૂતો ખુશ : અસ્થમાના દર્દીઓની મુશ્કેલી વધી

બાયડ,તા. ૧૬

જિલ્લામાં ફુલગુલાબી ઠંડીના ચમકારાથી પ્રજા-ખેડૂતો ખુશ થઈ રહ્યા છે. અસ્થમાના દર્દીઓની મુશ્કેલી વધી શકે છે. આગામી ગુરૂવારથી ઠંડી પોતાનો ધ્રુજારો બતાવી શકે છે જેથી પ્રજાએ માળીયા--કબાટમાં રાખેલા ગરમ વસ્ત્રો ઉતારવાની ફરજ પડી શકે છે.

દરેક ઋતુનું આગવું મહત્વ હોય છે. નબળા ચોમાસાની ચિંતા વચ્ચે સમય કોઈની પણ રાહ જોતો નથી તે ઉક્તિ અનુસાર સાબરકાંઠા-અરવલ્લીમાં શનિવાર સવારથી ફુલગુલાબી ઠંડીનો ચમકારો શરૂ થયો છે. આમ તો નવમા નોરતે રાત્રી દરમ્યાન જ ઠંડીના ચમકારા ખેલૈયાઓએ અનુભવ્યા પરંતુ હવે પરોઢની વધતી ઠંડીએ જિલ્લામાં શિયાળાનું બિલ્લી પગલે આગમનની યાદ અપાવી છે.

ટુંક સમયમાં જ દિપાવલી પર્વ ત્યારબાદ લગ્નસરાના અવસર શરૂ થવાના છે ત્યારે ઠંડીનું આગમન લગ્નના અવસરમાં જાનૈયાઓને થથરાવી દે તેવી પૂરી શક્યતા છે. વાવણી માટે તૈયારીઓ પણ શરૂ કરી શકે છે. હવામાન વિભાગનું માનીએ તો આ વર્ષે ઓછો વરસાદ છતાં પણ ઠંડીનો પ્રકોપ હાવી થવાની સંભાવના વ્યક્ત કરી છે.

## બાયડમાં ભાજપા કિસાન મોરચાની બેઠક યોજાઈ

### જિલ્લા પ્રભારી હર્ષદ પટેલ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યુ

મોડાસા,તા. ૧૬

અરવલ્લી જિલ્લા ભાજપા કિસાન મોરચા પ્રમુખ અશ્વિન પટેલના માર્ગદર્શન હેઠળ ગતરોજ



બાયડમાં તાલુકા-શહેર ભાજપા કિસાન મોરચાની બેઠક જિલ્લા પ્રભારી હર્ષદ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ.

જિલ્લા ભાજપા કિસાન મોરચાના જિલ્લા પ્રભારી હર્ષદ પટેલ મેઘરજ માલપુર પછી બાયડ તાલુકાની મુલાકાતે આવ્યા જેમાં કિસાન મોરચાના જિલ્લા-બાયડ તાલુકા-શહેર મંડલના જવાબદાર હોદ્દેદારો સાથે બેઠક યોજી કૃષિ કાયદાનો ખોટી રીતે વિરોધ થઈ રહ્યો છે તે ઉપર એમ.એસ.પી. વિશે ખેડૂતોની વચ્ચે જઈ સમજણ આપવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ પડતર માંગથી પંચાયતોના કોમ્પ્યુટર ઓપરેટરો હડતાલ ઉપર ગયા હોવાથી ટેકાના ભાવે મગફળી સહીતના પાક વેચવા રજીસ્ટ્રેશન કરનારા ખેડૂતોને કોઈ અગવડતા ન થાય તે માટે ઉભી કરેલી વ્યવસ્થાથી કિસાન મોરચાના હોદ્દેદારોને માહીતગાર કર્યા હતા. પ્રારંભે જિલ્લા ભાજપા કિસાન મોરચા પ્રમુખ અશ્વિનભાઈ પટેલે જિલ્લા પ્રભારીનું આવકાર સન્માન કર્યુ હતુ.

## મોડાસાના ઉમેદપુર ગામે નવરાત્રીના છેલ્લા દિવસે વેશભૂષામાં ખેલૈયાઓ મન મૂકી ગરબે ઘૂમ્યા

### ખેલૈયાઓ મોડી રાત સુધી તો ક્યાંક સવાર સુધી ગરબે ઘૂમ્યા

મોડાસા ના ગ્રામ્ય પંથક માં નવરાત્રિના છેલ્લા નોરતે પણ ગરબાની રમઝટ યથાવત રહી હતો જેમાં વસાહતીઓએ અલગ અલગ નંદ પાત્રોનો વેશ ધારણ કર્યો હતો.ગ્રામ્ય પંથક માં



હતી. માતાજીની આરતી સાથે મોડાસા ના ઉમેદપુર ગામે વેશભૂષાનાં કાર્યક્રમ પણ યોજાયો નવરાત્રીના પ્રારંભથી જ લોકોમાં ગરબા રમવાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## બાયડના અધિકારી 'બંટી-બબલી'ની ફિરકીમાં ફસાયા

### નડીયાદ રોડ ઉપર સરકારી વાહનમાંથી ઉતરી ખાનગી કારમાં મુસાફરી ચર્ચામાં

બાયડ, તા. ૧૬

બાયડના ચકોર અધિકારી બંટી-બબલીની ફિરકીમાં ફસાયાની ગરમાગરમ ચર્ચા વચ્ચે નડીયાદ રોડ ઉપર સરકારી વાહનમાંથી ઉતરી ખાનગી કારમાં ૫ થી ૭ કિ.મી. મુસાફરી કરી તે ચર્ચામાં છે. અધિકારીને એમ હોય છે કે તેમનું કોઈ ધ્યાન રાખતું નથી પરંતુ ખબરીલાલના રૂપમાં ફરતા બહારવટીયા કુદરતે દીધેલ કેમેરામાં બધુ જ નિહાળી રહ્યા છે.

વાત છે એક અફલાતુન અધિકારીની (પોતે એવું સમજે છે) પોતે બધી રીતે ફીટ હોવાની આત્મ ઘેલછામાં રાચતા અધિકારી શોર્ટ કર્ટ અપનાવવા જતાં પોતે જ કિચડમાં ફસાયા જેવી સ્થિતિમાં છે. કહેવાય છે કે અધિકારીને વાત વાતમાં ફાંકડુ ગુજરાતી-અંગ્રેજી બોલતા બંટી-બબલીના પરિચયમાં આવ્યા... સચિવાલયની વાતો કરી... વિવાદીત કેટલીક બાબતોનો હલ આવે તો ખુશ કરી દેવાના (પોતાની રીતે શબ્દો સેટ કરવા) વાયદા કર્યા... કામ અધકચરૂ થયું... અને તેમાંય બે પૈકી એકને વાંધો-વચકો થયો... અધિકારી માટે સાપે છછૂંદર ગળ્યા જેવી સ્થિતિ આવી... ઉંઘ ઉડી ગઈ... દિવસે પણ ધુઆપુઆ રહે... ચેમ્બરમાં આવે એટલે જોકાં ખાય... સાથી કર્મચારી પૂછે તો કહે નવરાત્રીનો ઉજાગરો છે... ખંધો કર્મચારી બધુ સમજે કે સાહેબ 'બંટી-બબલી'ની ગુગલીમાં ફસાયા છે. હવે આ ચુડેલ પરિવારને આત્મા-હૃદયમાંથી કાઢવા મુશ્કેલ... અને અધિકારીએ નડીયાદ રોડ ઉપર સરકારી વાહન દોડાવ્યુ... અધવચ્ચે વાહન થોભાવી ખાનગી સફેદ કલરની કારમાં બેઠા... પછી શું થયું...તે ખબર નથી પણ આગામી એક પખવાડીયામાં મોટો ઘટસ્ફોટ થઈ શકે છે.

## બાયડ ગિરીરાજ નવરાત્રી મહોત્સવ - મતદાન-કોરાના રસીની જાગૃતતાનો પ્રયાસ કરાયો

### ઉજવાતા ઉત્સવોથી પ્રજામાં નવી ઉર્જાનો સંચાર થાય છે

બાયડના પંચજ્યોત પરિવાર દ્વારા ગિરીરાજ કેમ્પસમાં નવરાત્રી મહોત્સવ યોજાયો. નવમા નોરતે નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત બાયડ નગરપાલિકા પ્રમુખ વેક્સીનેશન બાકી હોય તેવી ૧૮ વર્ષ ઉપરના લોકોએ વેક્સીનેશન કરાવી લેવું તથા મતદાન જાગૃતિ અભિયાન બાબતે પ્રજામાં જાગૃતતા લાવવાનો પ્રયાસ થયો હતો. પર્વને દિપાવ્યુ હતુ. નવરાત્રી પર્વના સમાપન દિવસે બાયડ પાલિકાના પદાધિકારીઓ તથા જિલ્લા ભાજપા સંગઠનની પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગિરીરાજ કેમ્પસના



સ્નેહલભાઈ પટેલ, જિલ્લા ભાજપા મહીલા મોરચા પ્રમુખ નેહાબેન એચ. પટેલ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલે ઉજવાતા ઉત્સવોથી પ્રજામાં નવી ઉર્જાનો સંચાર થાય છે તેમ જણાવી કોરોનાથી હજુ પણ આપણે સૌએ સાવધ રહેવાની જરૂર છે.

બાયડમાં સંપૂર્ણ કોરોના અંકુશમાં આવતા વિવિધ સ્થળે નવરાત્રી પર્વની કોરોના ગાઈડલાઈન પ્રમાણે ઉજવણી કરાઈ. બાયડના ગીરીરાજ કેમ્પસમાં યોજાયેલ ૯ દિવસના નવરાત્રી મહોત્સવમાં ખેલૈયાઓએ ઉત્સાહથી ભાગ લઈ નવરાત્રી મહોત્સવમાં બાયડ પાલિકા કોર્પોરેટર કંચનબેન પટેલ, અશોકભાઈ એલ. પટેલ, બક્ષીપંચ મોરચા પ્રમુખ અતુલભાઈ પ્રજાપતિ સહીત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ગીરીરાજ માઈમંડળ પ્રમુખ ચંદ્રેશભાઈ શાહે આમંત્રિતોને આવકાર્યા હતા.

## બાપલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

ગુજરાત સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના આયોજન મુજબ માનનીય મુખ્ય મંત્રીશ્રીના ૧૦૦ દિવસ સંકલ્પ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાહેબ અને તાલુકા આરોગ્ય આધિકારી સાહેબ ધાનેરાના માર્ગદર્શન હેઠળ પ્રા.આ.કે.બાપલા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ રાખવામાં આવેલ જેમાં ઓ.પી.ડી કામગીરી, એન.સી.ડી.તપાસ ડાયાબિટીસ અને બ્લડ પ્રેસરની તપાસ, એ.એન.સી.પી.એન.સી તપાસ અને લેબોરેટરી તપાસ કરી જરુરી સારવાર આપવામાં આવેલ હતી કેમ્પમાં આવનાર લાભાર્થીઓને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના અંગે સમજ આપી અને પી.એમ.જે.એ.વાય.ના કાર્ડ બનાવી આપેલ હતા આરોગ્યના વિવિધ પ્રોગ્રામોના બેનર લગાવી પ્રદર્શન દ્વારા સરકારની વિવિધ સેવાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા કોરોના રસીકરણ એજ બચાવ અંતર્ગત કોરોના રસીકરણ સેશન રાખવામાં આવેલ જે રસી ના લિધેલ વ્યકતિઓને રસીકરણ કરવામાં આવેલ હતું.

## જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં સંકલન - ફરિયાદ સમિતિની બેઠક

### ડિસ્ટ્રિક્ટ ગુડ ગવર્નન્સ પદાધિકારીઓના પત્રોનો ૧૫ દિવસમાં નિકાલ, સરકારી વિભાગોની જમીન માંગણી- લેણા વસુલાત, કચેરીનું નિરીક્ષણ, પેન્શન કેસ બાબતે બેઠકમાં રીવ્યું કરાયો

બાયડ તા.૧૬

જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડમાં બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા પોલીસ વડા શ્રી નીરજ બડગુજર, અધિક કલેકટરશ્રી એચ.આર. મોદી, પ્રાંત અધિકારીશ્રીઓ તથા જુદા જુદા વિભાગના અમલીકરણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહીને કામની પ્રગતિ અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.



જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે દર બુધવારે સેક્રેટરીની કમિટીની રીવ્યુ બેઠક યોજાય છે. જેમાં દરેક ડીસ્ટ્રીક ગુડ ગવર્નન્સ રોડમેપની ચર્ચા કરવામાં આવે છે. જેમાં જિલ્લાના વિશેષ પ્રોજેક્ટ તથા મહાનુભાવોના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણના કામો જાહેર જનતા માટે ખુલ્લા મૂકી શકાય તે માટે તૈયાર થયેલા કામોની વિગતો કલેકટર કચેરીને દરેક લાઈન ડિપાર્ટમેન્ટ મોકલવાના રહેશે જેથી સંકલન અને સફળતા હાંસલ કરી શકાય. સાથે-સાથે સાંસદશ્રી, ધારાસભ્યશ્રીની રજૂઆતો કે પત્રો આપે તેવા ૧૫ દિવસમાં નિકાલ કરી આખરી જવાબ મોકલી આપવા સૂચના અપાઈ હતી અને સંકલનના જે પત્રકો મોકલો છો તેમાં ચોક્કસ માહિતી અને આંકડાકીય વિગતો ફક્ત ઓપરેટરોના ભરોસે ન મુકતા અધિકારીઓએ જાતે જોઈને વિગતો અપલોડ કરવી સરકારી વિભાગોએ જમીનમાં માપણી દરખાસ્ત રજૂ કરી હોય તેમની તથા નવી દરખાસ્ત સત્વરે રજૂ કરવા જણાવ્યું હતું અને સરકાર દ્વારા આગામી ૧૦૦ દિવસનો ટાઈમ બાઉન્સ કાર્યક્રમ જાહેર કરે છે. તેના લક્ષ્યાંકો સિધ્ધ કરવા સૌ અધિકારીઓ ખાસ કાળજી અને ધ્યાન આપે તેવી તાકીદ કરાઈ હતી અને કલેકટર કચેરી અને માહિતી ખાતાને લાઈન ડિપાર્ટમેન્ટ મંત્રી કે મહાનુભાવોના હસ્તે કાર્યક્રમ યોજના તેની વિગતો ફાઈલ એડવાન્સમાં પહોંચાડવાની રહેશે.

અધિક કલેકટર શ્રી એચ.આર મોદીએ જણાવ્યું હતું કે તાબાની કચેરીઓ નું નિરીક્ષણ તથા નિવૃત થયેલ કર્મચારીઓના પેન્શન કેસ તૈયાર કરવા તેમજ કામ ચલાઉ પેન્શન મંજૂર કરી કેસોનો નિકાલ કરવા ઓનલાઈન એન્ટ્રી, ઈઑઉં, હ્રસ્જી પોર્ટલ પર સંબંધિત વિગતો જરૂરી આંકડાકીય વિગતો ભરી મોકલે જેથી સમીક્ષા થઈ શકે. સરકારી લેણાંની વસૂલાત, ખાનગી અહેવાલ લેખન, જમીન માંગણી, જમીન સંપાદન અંગે ના સરકારી પ્રશ્નો હોય તો મહેસુલ અને અન્ય વિભાગો સંકલનમાં રહીને તેનો નિકાલ કરવો અને જિલ્લાની પ્રગતિ અને સીએમ ડેશબોર્ડમાં આપણા જિલ્લાનો ટાર્ગેટ નિર્ધારિત લક્ષ્ય મુજબ સિધ્ધ થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના અમલીકરણ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહી મિટિંગની ચર્ચામાં ભાગ લીધો હતો.